# -: આખેરતની ખેતી :--

ખાસમાં ખાસ અને અફઝલમાં અફઝલ ઈલ્મ તે ઈલ્મ છે કે, જે ઈલ્મથી ખુદાની સમઝ હાથ લાગે અને ખુદા ઓલખાય અને ખુદાની સિફત બરાબર થાય અને ખરો રસ્તો હાથ લાગે અને ભલાઈના કામ કરવાની સમઝ પડે, તેથી ઈલ્મ અને હિકમત અને એને કુબૂલનો કરનાર ખેતર અને ખેતીના દરખ્તની મિસિલ છે. ઝમીનનો ખેડનારો ઉમદા બીજ લઈને તેને બોવા વાસ્તે નીકલે છે. હવે જે વકત તે પોતાની મુઠ્ઠીમાં બીજ ભરીને ચો તરફ નાંખા, તે વકતે કેટલાક બીજ રસ્તાની બાજુ પર પડા અને ઉડતા પરિન્દાઓએ તેને ચુગી લીધા. જે બીજ પત્થર પર પડા, તે કંઈ પાની કે શબનમ કે ઓસ એ પત્થર પરની માટીને લાગવાથી બીજ ઉગા, તેની ફૂટ ઉપર આવી અને પાંદડીઓ હવામાં લહેરાવા લાગી અને તે પત્થરની સુકાસ તક એની જડ પહોંચી તેથી એ મરી ગયા. કેટલાક બીજ કાંટાવાલી ઝમીનમાં પડા અને જે વકત તેનું બુટ્ટું નીકલું અને ફૂલ આવવાનો વકત થયો ત્યારે કાંટાઓનો ફાંસો આવી ગયો, તેથી એ મરી ગયા. અને ફકત થોડાક જ જુઝ-જાઝ બીજ નરમ ઉમદા સાફ કીધેલી ઝમીનમાં પડા તેથી તે સલામત રહ્યા, વધા, ફૂટ નીકલી, ઉંચા પણ થયા અને જેનાથી ફાયદો લેવાય તેવા થયા....

તો મુમેનીનની જમાઅત - આ મિસાલની તફસીર એમ છે કે, **ઝમીન ખેડનાર તે ઇલ્મ અને હિકમતના પરામનાર અને પહોંચાડનાર હક્કનાં ધણી છે** અને ખાસ બીજ તે હક્કનું અહલે બૈત (અ.સ.) નું બા-હિકમત ઈલ્મ છે. હવે જે બીજ કે રસ્તાની ઈર્દ-ગિર્દ પડા અને પરિન્દાઓ-જાનવર તેને ચુગી ગયા, તે એવા લોગો છે કે જેના કાન પર હક્કની વાત તો આવી અને સાંભલનારે સાંભલી, પણ હકીકતમાં તેને દિલમાં ન ઉતારી જેથી તે ઝાયેઅ થઈ અને આમ જ નાકામ થઈ.

અને હવે જે બીજ પત્થર પર થોડી થર થયેલી ભીંગી માટી પર પડા અને ઉગા, મગર પત્થર તક જ જેની જડ પહોંચી પછી સુકાઈ ગયા, તો તે લોગો એ છે કે, જેએ હક્કના સાહબનાં કલામ દિલ લગાવીને સાંભલા અને તેને મીઠા શીરીન લાગા, સમઝીને ઓલખા પણ તે તમામ વાતોને દિલમાં મઝબૂતીથી નેક નિય્યત કરીને ઉતારી નહીં અને અમલ કરવા વાસ્તે ગાંઠ બાંધી નહીં. તે સબબ તે હકીકી ઈલ્મ ઝાયેઅ થઈ ગયું. અને હવે જે બીજ કે ઉગા અને તેના છોડ મોટા થયા, ડાલીઓ-કલીઓ ફૂટીને ફલદાર થાવા પર આવા, તે વકત કાંટાની વાડમાં ફસાઈને મરી ગયા. તો તે લોગો એ છે કે, જેઓએ હક્કનાં કલામને કહેનાર તરફથી દિલમાં ઉતારીને ગાંઠ બાંધી અને જે વકત તેના મુજબ અમલ કરવાનો વકત આવો કે જે અમલ એ કલામોનું ફલ છે, તે વકત હિકમત સાંભલનારને દુનિયાની શેહવતો અને મોટી ઉમ્મીદો તેમજ હિર્સો લાલચનો ફાંસો આવી ગયો. જેથી હક્કના કલામોની દિલમાં જમાવટ થઈ નહીં અને તે ઝાયેઅ થયા-નાબૂદ થયા.

હવે જે બીજ કે લીલી, નરમ સાફ-સફાઈ કીધેલી ઝમીન પર પડા, તેથી તે ઉગા, ફલા, ફૂલા, ઉછરા, ઘટાદાર થયા ફાયદો આપનાર થયા. તે લોગો એ છે કે, જેઓએ હિકમત અને ઈલ્મને બરાબર સાંભલું અને યાદ રાખું, હક્કની વાતને ખાતિરમાં અને નિગાહમાં લીધી, કાનથી ઉતારીને દિલમાં પૈવસ્ત કીધી, આ ઈલ્મે દુનિયાની તલબ અને લાલચને જડમાંથી ઉખાડી નાંખી, ગુમરાહીથી દિલને સાફ કીધું અને હિકમતને બરાબર ઝમીનમાં રોપીને ઉગાવી, તો જે મકસદ હતો તે હાથ લાગો અને **એ જ શખ્સને ખરો ફાયદો દુનિયા અને આખેરતનો થયો.**

**તેને નમાઝનું પાની, રોઝાનું ખાતર, જેહાદની ગરમી,**
**ઝકાતની માવજત અને હજ્જની બાદે સબાની ઝરૂરત છે.**

તો અય ભલા ભાઈઓ, આખેરતની ખેતી જ તમામથી બેહતર અને ફાયદામંદ ખેતી છે. આ ખેતીને શહરૂલ્લાહિલ હરામમાં અમલે સાલેહ કરીને ખેડવાની છે. રમઝાનના ત્રીસ અય્યામની ખુશગવાર મૌસમ ઈબાદતે ઈલાહીની મૌસમ છે જેમાં આખેરતની ખેતી તેની પૂરી બહાર અને શબાબની ચમક સાથે ખીલી ઉઠે છે. હમને આ ઈબાદતની મૌસમે બહારમાં ઈમાન-વલાયતની સર ઝમીન પર નેક નિય્યત કરીને અમલે ખૈરના બીજ બોવાના છે. આ ખેતીને વધારે લેહલહાતી અને ફાયદામંદ બનાવવા વાસ્તે **તેને નમાઝનું પાની, રોઝાનું ખાતર, જેહાદની ગરમી, ઝકાતની માવજત અને હજ્જની બાદે સબાની ઝરૂરત છે.** અલ્લાહ રબ્બુલ ઈઝઝત હમ શીઅયાને અહલે બૈત (અ.સ.) ને શહરૂલ્લાહની હુરમત અને ઈઝઝતની માઅરેફત કરવાની અને હમારા દામનને રઝામંદીએ રબ્બાનીથી ભરવાની નેક તૌફીકાત અતા કરે. ★